દિવ્ય ભાસ્કર

Vapi 12 December, 2018

# બારોલીયામાં રવિવારે નિ:શુલ્ક પશુ નિદાન અને સારવાર કેમ્પ

**ધરમપુર**| શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની અપાર કરુણા અને પ્રેરણાથી બારોલીયામાં ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જીવમૈત્રીધામમાં આગામી 16 ડિસેમ્બર રવિવારે અબોલ પશુઓ માટે નિ:શુલ્ક પશુ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. સુરત, નવસારી, આણંદના નિષ્ણાંત વેટરનરી તબીબો મદદનીશો સાથે આ કેમ્પમાં પશુઓને રસીકરણ, લોહીની તપાસ, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, દરેક પ્રકારની ગાંઠ, કરમોડી, તણસ, શીંગડાની શસ્ત્રક્રિયાની ગુણવત્તાભરી સારવાર આપવાની સાથે કૃમિનાશક દવા આપવામાં આવશે. પશુપાલકો માટે ઉપયોગી સંપૂર્ણ નિ:શુલ્ક કેમ્પમાં પશુઓ સાથે આવવા,જવાના ખર્ચ સંસ્થા દ્વારા આપવાની સાથે નાસ્તા અને ભોજનની વ્યવસ્થા આપવામાં આવશે.